# –:: સંમતિ પત્રક ::–

પિતાનું નામ : ......................................

માતાનું નામ : ......................................

સરનામું : ..............................................

..........................................................

..........................................................

મો. નં. ..................................................

પ્રતિ,
માનદ્ મંત્રીશ્રી,
શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન,
''ત્રિભુવન ભુવન'', ગોંડલ રોડ,
રાજકોટ.

વિષય : અમારા પુત્રને વિદ્યાર્થી ભુવનમાં રહેવા માટે સંમતિ આપવા બાબત.

જય જિનેન્દ્ર સાથ,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હાલની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ **S.O.P.** (સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર) નું પાલન કરવાની શરતે વિદ્યાર્થી ભુવનમાં પ્રવેશ કરવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

અમારો પુત્ર (નામ) : ..................................................................... આપની સંસ્થામાં રહી ધોરણ : ..................... કોલેજ / શાળા : .......................... ...................................... માં અભ્યાસ કરે છે. મે **S.O.P.** માં દર્શાવેલ માતા–પિતાની ભૂમિકાની વિગતો વાંચેલ છે. અમારા પુત્રને વિદ્યાર્થી ભુવનમાં મોકલવાની અમો સંમતિ આપીએ છીએ. અમારા પુત્ર દ્વારા સરકારશ્રીની **S.O.P.** તેમજ કોવિડ–૧૯ અંગેની ગાઈડ લાઈન્સનું પાલન કરવામાં આવશે તેની અમો બાંહેધરી આપીએ છીએ.

અમારો પુત્ર વિદ્યાર્થી ભુવનમાં માસ્ક પહેરીને રહેશે તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને રહેશે તેની અમોએ સમજ આપેલ છે.

અમારા પરિવારમાં કોઈ વ્યકિત કોરોના સંક્રમિત હશે તો અમો અમારા પુત્રને વિદ્યાર્થી ભુવનમાં નહિ મોકલી તેની ખાત્રી આપીએ છીએ.

અમારા પુત્ર દ્વારા સરકારશ્રી દ્વારા આપેલ ગાઈડ લાઈન્સનું પાલન કરવામાં કસુર થયે અમારા પુત્રને આપ સંસ્થામાંથી રજા આપી શકો છો.

:: પાછળ ::

અમારા પુત્રને વિદ્યાર્થી ભુવનમાં પ્રવેશ આપ્યા બાદ બિમાર થશે તો જવાબદારી અમારી રહેશે, સંસ્થા કે સંસ્થાના હોદ્દેદારોની કોઈ જવાબદારી રહેશે નહિ.

સહિ : પિતા : ..........................................

માતા : ..........................................

(૧) માસ્ક પહેરવું ફરજીયાત છે.

(૨) સેનીટાઈઝરનો ઉપયોગ ફરજીયાત છે.

(૩) કોઈપણ રમત–ગમતની મનાઈ છે.

(૪) સંસ્થામાં એક રૂમમાં બે વિદ્યાર્થીને રાખવામાં આવશે.

(૫) સંસ્થામાં કોઈ જગ્યાએ વિદ્યાર્થીઓએ ભેગા થવુ નહિ.

(૬) દરેક વિદ્યાર્થીએ પોતાની જ વસ્તુ વાપરવાની છે.

(૭) કોવિડ–૧૯ ની સરકાર દ્વારા આપવામાં આવતી તમામ ગાઈડ લાઈન્સનું પાલન કરવું અનિવાર્ય છે.

॥ જય જિનેન્દ્ર ॥

ફોર્મની કિંમત રૂા. ૧૦

# શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન

રાજકોટ – ૩૬૦ ૦૦૨

એડમીશન ફોર્મ સાથે લગાવવાનું માહિતી પત્રક

વિદ્યાર્થીનું નામ : ........................................................

ઉંચાઈ : ...................................................................

બ્લડ ગ્રુપ : ..............................................................
(લેબોરેટરી ટેકનિશ્યનનો દાખલો સાથે રજુ કરવો)

પાસપોર્ટ સાઈઝનો ફોટો
અહીં લગાવવો

પત્ર વ્યવહારનું સરનામું : ..............................................

...........................................................................

મોબાઈલ : ઘર : .................................. ઓફીસ : ..................................

## –:: દાખલો ::–

આથી દાખલો આપવામાં આવે છે કે, વિદ્યાર્થી ................................................ ને મેં બરાબર તપાસેલ છે અને વિદ્યાર્થી કોઈપણ જાતના ચેપી રોગથી પીડાતો નથી તેની તપાસ્યા બાદ ખાત્રી આપું છું.

ડોકટરની સહી : ..................................................................

ડોકટરનું નામ : ..................................................................

સરનામું : ..................................................................

..................................................................

રજીસ્ટ્રેશન નં. : ..................................................................

સ્થાપના વર્ષ : ૧૯૦૮ મો. ૯૫૭૪૯ ૨૭૬૨૩

# શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન

''ત્રિભુવન ભુવન'', માલવીયા પેટ્રોલ પંપ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨. (ગુજરાત)

## :: પ્રવેશ માટેનું અરજીપત્રક ::

અધુરી વિગતવાળા ફોર્મ ઉપર ધ્યાન અપાશે નહીં.

માનનીય મંત્રીશ્રી,

**કાર્યવાહક કમિટી, શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન, રાજકોટ.**

વિદ્યાર્થીનું પુરું નામ : ..............................................................................................

સરનામું : ..............................................................................................................

..............................................................................................................................

નીચે સહી કરનાર ..................................................................... ની નમ્રતાપૂર્વક વિનંતી કે હું મારા પુત્ર / આશ્રિત .................................................... ને આ સંસ્થામાં માફી / અર્ધી માફી / પુરું લવાજમ ભરનાર વિદ્યાર્થી તરીકે દાખલ કરવા ઈચ્છા ધરાવું છું. તો કૃપા કરી તેને દાખલ કરશોજી.

| | | | |
|---|---|---|---|
| ૧. | વિદ્યાર્થીનું પુરું નામ (પિતાનું નામ, અટક સહિત) | | |
| ૨. | વિદ્યાર્થીની ઉંમર (જન્મ તારીખ સહિત) | ઉ.વર્ષ : | જન્મ તારીખ : |
| ૩. | વિદ્યાર્થીની જ્ઞાતિ તથા ધર્મ (પેટા વિભાગ સહિત) (દશાશ્રીમાળી કે વિશાશ્રીમાળી તે સ્પષ્ટ જણાવવું) | | |
| ૪. | વિદ્યાર્થીએ છેલ્લે કઈ શાળા / કોલેજ અને ગામમાં અભ્યાસ કરેલ છે ? તેમજ ત્યાં કયાં સુધી અભ્યાસ કરવાની સવગડતા છે ? | | |
| ૫. | વિદ્યાર્થીએ હવે જે અભ્યાસ કરવો છે તેની વિગત : | શાળા / કોલેજનું નામ : | |
| | | અભ્યાસક્રમનું નામ : | |
| ૬. | વિદ્યાર્થીનો ધાર્મિક અભ્યાસ કેટલો ? | | |
| ૭. | (ક) વિદ્યાર્થી અગાઉ આ સંસ્થામાં હતા ? હા / ના | | |
| | (ખ) જો હોય તો છેલ્લે કયારે હતા ? | | |
| | (ગ) વિદ્યાર્થીએ અગાઉ આ સંસ્થા છોડી હોય તો છોડવાનું કારણ જણાવો. | | |
| ૮. | વિદ્યાર્થીના કુટુંબ અંગેની માહિતી : | | |
| | (ક) કુટુંબની કુલ સભ્ય સંખ્યા : | | |
| | (ખ) કમાનાર સભ્યોના નામ : | વિદ્યાર્થી સાથેનો સંબંધ | માસિક આવક |
| | (૧) | | |

| | | |
|---|---|---|
| | (ગ) ભણનાર વ્યકિતના નામ : | અભ્યાસક્રમનું નામ |
| | (૧) | |
| | (૨) | |
| | (ઘ) વિદ્યાર્થીના પિતાના વ્યવસાયનું સ્થળ : | |
| | (ચ) વિદ્યાર્થીના કુટુંબના મુખ્ય માણસની સ્થાવર મિલકત છે ?<br>હોય તો અત્યારે તેની કિંમત કેટલી : | હા / ના |
| | (છ) કોઈના તરફથી આર્થિક મદદ મળતી હોય તો તેની વિગત : | |

વિદ્યાર્થીના પિતા / વાલી તરીકે હું ખાત્રી આપુ છું કે મારો પુત્ર / આશ્રિત ....................................... તેના અભ્યાસ તથા વર્તનથી સંસ્થાને પુરેપુરો સંતોષ આપશે. સંસ્થાના નિયમો મેં વાંચ્યા છે. આ નિયમો તેમજ હવે પછી જે કંઈ નવા નિયમો અમલમાં આવે તેનું પાલન વિદ્યાર્થી અવશ્ય કરશે.

તા. : – –૨૦ પિતા / વાલીની પુરી સહી ....................................

મારા પિતા / વાલીએ ઉપર જણાવેલ હકીકત ખરી છે. આ સંસ્થાના નિયમો મેં વાંચ્યા છે. આ નિયમો તેમજ નવા નિયમોનું હું પુરે પુરું પાલન કરીશ તેમજ મારા વર્તન અને અભ્યાસથી સંસ્થાને પુરેપુરો સંતોષ આપીશ તેની હું ખાત્રી આપું છું.

તા. : – –૨૦ પિતા / વાલીની પુરી સહી ....................................

..........................................................................................................

## બે જૈન સદ્‌ગૃહસ્થોનું પ્રમાણપત્ર

વિદ્યાર્થી ......................................................... ને અમે બરાબર ઓળખીએ છીએ અને અમારા જાણવા તથા માનવા પ્રમાણે તેનું વર્તન સારું છે તથા ઉપર જણાવેલી હકીકત સાચી છે અને તે સંસ્થામાં દાખલ કરવા યોગ્ય છે, જેને માટે અમો ખાત્રી આપીએ છીએ.

| વિદ્યાર્થીના ગામની પ્રતિષ્ઠિત વ્યકિત : | રાજકોટ શહેરની પ્રતિષ્ઠિત વ્યકિત : |
|---|---|
| (૧) નામ : | (૧) નામ : |
| (૨) સહી : | (૨) સહી : |
| (૩) વ્યવસાય : | (૩) વ્યવસાય : |
| (૪) પુરું સરનામું : | (૪) પુરું સરનામું : |
| (૫) મોબાઈલ નં. : | (૫) મોબાઈલ નં. : |
| (૬) તારીખ : | (૬) તારીખ : |

### અરજી પત્રક સાથે નીચેના પ્રમાણપત્રો અવશ્ય રજુ કરવા

૧. છેલ્લે આપેલ પરીક્ષાની માર્કશીટની નકલ.
૨. હાલની શાળા / કોલેજના આચાર્યનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
૩. જે શાળા / કોલેજમાં પ્રવેશ લીધો હોય તેમાં ફી ભર્યાની પહોંચની નકલ.
૪. વિદ્યાર્થીના ગામના જૈન સંઘનું જૈન હોવા (જ્ઞાતિ, પેટા જ્ઞાતિ સહિત) અંગેનું પ્રમાણપત્ર.
૫. બ્લડ ગ્રુપનો લેબોરેટરી ટેકનિશ્યનનો દાખલો.
૬. વેકસીન સર્ટીફીકેટ
૭. કોરોના રીપોર્ટ (RTPCR)

---

ફોર્મ આવ્યું તા. : – –૨૦ સંસ્થા માટે
કમિટીનો નિર્ણય :

સ્થાપના વર્ષ : ૧૯૦૮ મો. ૯૫૭૪૯ ૨૭૬૨૩

# શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન

"ત્રિભુવન ભુવન", માલવીયા પેટ્રોલ પંપ સામે, ગોંડલ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨. (ગુજરાત)

## :: વિજ્ઞપ્તિ ::

શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન ભૂતમાળથી શાળાઓની સગવડ ગ્રામ્ય વિસ્તારોમાં નહીં હોવાના કારણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર કેળવણી માટે જ્ઞાતિજનોના બાળકોને લાભ આપી રહેલ છે.

આપણી જ્ઞાતિના સમર્થ પુરુષોએ આ સંસ્થા શિક્ષણ માટેની સ્થાપી અને આ સંસ્થામાં બાળકો અને યુવકો દાખલ થાય, રહેવા અને જમવાની તેમજ અભ્યાસની સગવડ મળે, તેમાં સફળતા મેળવે, તેમાં આ સંસ્થા યથાશકિત ફાળો આપી રહી છે.

જ્ઞાતિના ઉગતા યુવકો અભ્યાસમાં ઉત્સાહિત બને અને આજના યુગમાં સારો અભ્યાસ એ જ સાચી મૂડી છે તેમ સમજીને કાર્યવાહક કમિટીએ આ ધોરણ ચાલુ રાખ્યું.

સગવડતા સાથે જવાબદારી દાખલ થનાર યુવકે ઉપાડવાની છે અને તે જવાબદારી ઉપાડવામાં યુવક પોતાની ઉંમરના કારણે પુરું સમજી ન શકે તો વાલીએ પોતાના યુવકના મન ઉપર આ વિચારો ભારપૂર્વક સમજાવવા જરૂરી છે. સંસ્થામાં માફી – અર્ધી માફી અને પુરા લવાજમ થી વિદ્યાર્થીઓને તેની આર્થિક સ્થિતિ અને અભ્યાસના ધોરણે મેળવેલા માર્કસ ઉપરથી દાખલ કરવામાં આવે છે.

આજ દેખાદેખી તથા આંધળું અનુકરણ કરી સંસ્થાનું હીત ન વિચારતા અશિસ્ત ઘણા યુવકોમાં જોવામાં આવી છે. પેઈંગ વિદ્યાર્થીમાં પણ ભોજન ખર્ચમાં જ સંસ્થા વર્ષે અંદાજે રૂા. ૧૫,૦૦૦/– ઉપર ખોટ ભોગવે છે. આવા કપરા કાળમાં જ્ઞાતિના યુવકો પધ્ધતિસર પોતાનો અભ્યાસ કરી શકે તે હેતુ લક્ષમાં રાખી સંસ્થા આ ભાર ગમે તે રીતે ઉપાડે છે. તેમાં દરેક ભણતા યુવકે સંસ્થા પ્રોત્સાહિત બને તેવું વાતાવરણ ઊભું કરવું તે તેની ફરજ બને છે અને વાલીઓએ પોતાના સંતાનને આ રીતે વર્તન રાખવા સજાગ રાખવાની ફરજ છે.

આપનું સંતાન શિસ્ત, સાદાઈ, ધાર્મિક સંસ્કાર અને પરિશ્રમના ગુણો કેળવી ઉન્નત જીવન જીવવાની તમન્ના ધરાવતા થાય તથા સ્કૂલ–કોલેજમાં પણ સારુ વર્તન તથા સારો અભ્યાસ કરવાની ટેવ કેળવે તેવી પ્રેરણા આપશો.

ફૂલ પેઈંગ રૂા. ૧૪,૦૦૦–૦૦

લવાજમ 'શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન' નામના ડીમાન્ડ ડ્રાફટથી લેવામાં આવશે.

આ ઉપરાંત ડીપોઝીટ રૂા. ૧,૦૦૦–૦૦ પણ દરેક વિદ્યાર્થીએ દાખલ થતી વખતે આપવાના છે. સંસ્થા છોડયા બાદ ડીપોઝીટની રકમ પહોંચ રજુ કર્યેથી પરત કરવામાં આવશે.

આપને તથા આપના સગા–સ્નેહીને ત્યાં આવતા સારા–નરસા પ્રસંગોએ આ સંસ્થાને યાદ કરી યથાશકિત દાન આપવા તથા અપાવવા આપ ભૂલશો નહીં એવી અપેક્ષા રાખીએ છીએ.

શ્રી વિમલભાઈ એસ. પારેખ
માનદ્ મંત્રીશ્રી
શ્રી જયંતિભાઈ પી. પારેખ
માનદ્ સહમંત્રીશ્રી
શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન
"ત્રિભુવન ભુવન", માલવીયા પેટ્રોલ પંપ સામે,
ગોંડલ રોડ, રાજકોટ.

# સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓ માટેના નિયમો

સંસ્થામાં રહીને અભ્યાસ કરતાં પ્રત્યેક છાત્રે નીચેના નિયમોનું પાલન અવશ્ય કરવાનું છે આથી વિદ્યાર્થીએ તેમજ પિતા–વાલીએ સંસ્થામાં પ્રવેશ લેતી વખતે આ નિયમો બરાબર વાંચી જવા, ત્યાર બાદ જ પ્રવેશ લેવો, આ નિયમો વિદ્યાર્થીએ પોતાની પાસે રાખવાના છે અને વખતો–વખત વાંચી જઈને તે મુજબ અમલ કરવાનો છે.

૧. કોલેજમાં કે શાળામાં ભણતા વિદ્યાર્થીએ આ સંસ્થામાં દાખલ થવાની સાથે જ સંસ્થા જે જે ધારાઓ તથા નિયમો છે તે બરાબર પાલન કરવાની શરતે જ તેને એક ટર્મ માટે જ દાખલ કરવામાં આવે છે. બીજી ટર્મમાં દાખલ કરવા માટે વિદ્યાર્થીના ગુણ–દોષ ઉપર વિચાર કરી તેને ફરી દાખલ કરવા કે કેમ તેનો નિર્ણય લેવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ગ્રેજયુએટ થયેલ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે નહીં.

૨. નોકરી કરતાં કોઈપણ વિદ્યાર્થીને દાખલ કરવામાં આવશે નહીં, તેમજ દાખલ થયા બાદ કોઈ જાતની નોકરી કરી શકશે નહીં, નોકરી કરનાર વિદ્યાર્થીને સંસ્થામાંથી છુટા કરવામાં આવશે.

૩. બીજી ટર્મ માર્ચ આખર સુધી ગણવામાં આવશે તે ઉપરાંત જેટલા દિવસ પરીક્ષા મોડી થવા અંગે જે વિદ્યાર્થીઓને બોર્ડીંગમાં રહેવાનું થશે અને આ કારણે કાર્યવાહક કમિટીમાં મુદત લંબાવવા માટે નિર્ણય નહીં લેવાય તો તેઓએ રોજીંદા રૂા. ૧૦૦/– (અંકે એકસો રૂપિયા) ના હિસાબે વધારાનું લવાજમ આપવાનું રહેશે.

૪. દરેક સત્રમાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીની સંખ્યાથી ભોજનાલય શરૂ કરવામાં કે ચાલુ રાખવાનો નિર્ણય માનદ્‌મંત્રી લેશે.

૫. ભોજન અંગે નીચે પ્રમાણેના સમય પત્રક મુજબ વ્યવસ્થા નકકી કરી છે. આ સમય પત્રક અને જમવાની વાનગીમાં સંજોગોવશાત ફેરફાર પણ કરી શકાશે.

## જમવાનું સમય પત્રક

| વાર | સવાર (સવારના ૭ થી ૮) | બપોર (સવારના ૧૨–૦૦ થી ૧–૩૦) | સાંજ (સાંજના ૫–૩૦ થી ૬–૩૦) |
|---|---|---|---|
| સોમવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | ભાખરી, દાળ, ભાત, શાક, દુધ |
| મંગળવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | ખીચડી, રોટલા, કઢી, શાક, દુધ |
| બુધવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | ભાખરી, દાળ, ભાત, શાક, દુધ |
| ગુરૂવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | ભાખરી, દાળ, ભાત, શાક, દુધ |
| શુક્રવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | ભાખરી, દાળ, ભાત, શાક, દુધ |
| શનિવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલા, અડદની દાળ, શાક, ભાત, ગોળ, છાશ | ભાખરી, દાળ, ભાત, શાક, દુધ |
| રવિવાર | મીઠું દુધ, નાસ્તો | રોટલી, દાળ, ભાત, શાક, ગોળ, છાશ | પુરી, થેપલા, શાક, દુધ |

**આઠમ, પાખી કે પર્યુષણ પર્વમાં લીલા શાકભાજીને બદલે કઠોળ અપાશે.**
**સંજોગોવશાત શકય ફેરફાર માનદ્ મંત્રીના નિર્ણયને આધીન રહેશે.**

૬. ટર્મ દરમ્યાન કોઈપણ વિદ્યાર્થીનું વર્તન અને અભ્યાસથી ગૃહપતિ કે મંત્રીશ્રીને જરાપણ અસંતોષ થશે તો તેને લવાજમ પાછું આપ્યા વિના સંસ્થામાંથી રજા આપવામાં આવશે.

૭. સંસ્થાના વહીવટમાં કોઈપણ વિદ્યાર્થીએ કોઈપણ પ્રકારની દખલગીરી કરવાની નથી.

૮. વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની ફરીયાદ હોય તો પ્રથમ ગૃહપતિને મળવું અને છતાં તે ફરીયાદ દૂર ન થાય તો પછી માનદ્ મંત્રીશ્રીને મળવું.

૯. વિદ્યાર્થીને કોઈપણ સંજોગોમાં કોઈપણ લવાજમ પાછું આપવામાં આવશે નહિ તેમજ વર્ષ દરમ્યાન ગમે ત્યારે દાખલ થશે અગર ગમે ત્યારે જશે તો પણ આખા વર્ષનું લવાજમ લેવામાં આવશે.

૧૦. વિદ્યાર્થીના સંબંધી કે મિત્રને સુવાની કે જમવાની સગવડ આપવામાં આવશે નહિ જેનો ભંગ કરનારને સંસ્થામાંથી છુટા કરવામાં આવશે. વિદ્યાર્થીને વાલી સિવાય કોઈપણ મિત્ર કે સંબંધીને મળવા દેવામાં આવશે નહીં.

૧૧. ગૃહપતિની મંજુરી વિના રાત્રે નવ વગ્યા પછી વિદ્યાર્થી બહાર જઈ કે રહી શકશે નહિ. તેમજ બહારગામ જઈ શકશે નહિ.

૧૨. જૈન સિધ્ધાંતો પ્રમાણે આઠમ–પાખી પાળવાની છે. બીડી, સિગારેટ તથા અન્ય ધુમ્રપાન કે માદક સેવન કરવાનો પ્રતિબંધ છે. આ ધારનો ભંગ જરાપણ ચલાવી લેવામાં આવશે નહિ અને સંસ્થામાંથી રજા આપવામાં આવશે.

૧૩. કોઈપણ વિદ્યાર્થી પોતાની પાસે રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) થી વધુ રોકડ તેમજ કિંમતી ઘડીયાલ, મોબાઈલ કે બીજી કિંમતી વસ્તુઓ રાખવાની નથી. પોતાની ચીજો વિદ્યાર્થીએ સંભાળી રાખવાની છે. કોઈપણ પ્રકારની ચોરી થશે તો વિદ્યાર્થી પોતે જવાબદાર છે તેમજ મનાઈ કરેલ કોઈ વસ્તુ રાખેલ માલુમ પડશે તો પ્રથમ દંડ કરવામાં આવશે અને બીજી વખત રજા આપવામાં આવશે.

૧૪. સંસ્થાના મકાન, ફર્નીચર, ઈલેકટ્રીક ફીટીંગને અગર તો પાણીની વ્યવસ્થાને કોઈ વિદ્યાર્થી કોઈપણ જાતનું નુકશાન કરશે તો તે નુકશાની આખા રૂમમાં રહેતા વિદ્યાર્થીઓની રહેશે તેમ છતાં કોઈ વિદ્યાર્થી જાહેર થશે તો તે વિદ્યાર્થી પાસેથી વસુલ કરવામાં આવશે. તથા દંડ / સજા ભોગવવાની રહેશે. વારંવાર આ પ્રમાણે બનશે તો તેવા વિદ્યાર્થીને કોઈપણ નોટીસ આપ્યા વગર સંસ્થામાંથી રજા આપવામાં આવશે.

૧૫. જે વિદ્યાર્થીને નિયમ પ્રમાણે દાખલ કરવામાં આવશે ત્યારે તેને રૂમ નંબર આપવામાં આવશે અને તેમાં કોઈને અરસપરસ ખાસ કારણ વિના અદલાબદલી નહી કરવા દેવામાં આવે.

૧૬. જે રૂમમાં જેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે તેમાં તેના ઉપયોગ માટે પલંગ, ખુરશી, ટેબલ આપવામાં આવશે. તેમાં કોઈ ભાંગતુટ થશે તો તે વિદ્યાર્થીની વ્યકિતગત જવાબદારી રહેશે. પરંતુ ભાંગતુટ થયા બાદ કોઈ વિદ્યાર્થી તેની કબુલાત નહીં કરે તો સંયુકત જવાબદારી તે રૂમમાં રહેતા બધા વિદ્યાર્થીઓની ગણી સરખે હિસ્સે નુકશાની વસુલ કરવામાં આવશે.

૧૭. વિદ્યાર્થી રૂમમાં હાજર ન હોય ત્યારે લાઈટ ચાલુ રાખવાની નથી. તેમ છતાં રૂમ બંધ હશે અને લાઈટ ચાલુ હશે તો તે રૂમમાં રહેતા દરેક વિદ્યાર્થીઓને તે માટે વિદ્યાર્થી જવાબદાર ઠેરવી દરેકને રૂા. ૫૦/– દંડ કરવામાં આવશે. વારંવાર આ પ્રમાણે દોષિત ઠરનાર વિદ્યાર્થીને રજા આપવામાં આવશે.

૧૮. વેકેશન શરૂ થાય / વાર્ષિક પરિક્ષા પૂર્ણ થાય ત્યારબાદ તુરંત જ વિદ્યાર્થીએ સંસ્થા છોડી જવાની છે.

૧૯. વાર્ષિક પરીક્ષાનો પ્રોગ્રામ આવ્યે તેની એક નકલ પોતાના હસ્તાક્ષરમાં લખી ગૃહપતિને પરીક્ષા શરૂ થતાં પહેલા આઠ દિવસમાં પહોંચાડવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં સમયસર તે રીતે તેઓને જમાડવાની વ્યવસ્થા કરી શકાય.

૨૦. વિદ્યાર્થીઓએ ૧ થાળી, ૨ વાટકા, ૧ પ્યાલો તથા બાલટી ૧ પોતાના લાવવાના રહેશે. શકય હોય તો સ્ટેનલેસ સ્ટીલના વાસણો લાવવા.

૨૧. જોઈતા પ્રમાણમાં પથારી માટેના પાથરણા વિદ્યાર્થીએ લાવવાના રહેશે.

૨૨. ટર્મ દરમ્યાન ફીસ્ટનું કોઈ ધોરણ નિશ્ચિત નથી અને તે માટે કાર્યવાહી કમિટી નિર્ણય લેશે.

૨૩. રમત–ગમતમાં સહુ વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહથી ભાગ લેતા થાય અને સારી પ્રેકટીસ લઈ મેચ રમવા માટે ઉત્સાહિત બને તે માટે સાધન–સામગ્રી આપવામાં આવે છે.

૨૪. સંસ્થામાં કેળવણીના હેતુથી મોકલવામાં આવે છે તેમાં અભ્યાસ સાથે વિશેષ ધ્યાન આપી ઉચ્ચતર શિક્ષણમાં સારા માર્કસ મેળવી ઊંચા નંબર લાવનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવા માટે ઈનામો આપવામાં આવે છે.

૨૫. એક સત્ર પુરું થાય અને બીજા સત્રમાં દાખલ થવાનું હોય તે પહેલા વિદ્યાર્થીઓએ છ માસિક પરીક્ષાના પરિણામો જણાવવાના રહેશે. અભ્યાસમાં નબળો દેખાવ કરનારને બીજા સત્રમાં દાખલ કરવા માટે કાર્યવાહક કમિટીની મંજુરી લેવાની રહેશે અને તેમાં સામાન્ય વર્તન, ધાર્મિક શિક્ષણ તથા વિદ્યાર્થીનું શિસ્ત આ બધા વર્તન માટે પણ તે વિદ્યાર્થીની લાયકાત વિચારણામાં લેવામાં આવશે.

૨૬. સત્ર બંધ થતાં કોઈ વિદ્યાર્થીને પોતાના રૂમને તાળા મારવાના નથી. પરંતુ પોતાને સોંપાયેલ ફર્નીચર, લાઈટ વિ. વસ્તુઓનો ચાર્જ ગૃહપતિને સોંપી જવાનું છે. તેમ છતાં કોઈ વિદ્યાર્થી પોતાના રૂમને તાળા મારીને જશે તો તે રૂમના તાળા તોડી નાખવાનો અધિકાર માનદ્ મંત્રીશ્રીનો રહેશે. તેમજ રૂમમાં વિદ્યાર્થીની જે વસ્તુઓ પડી હશે તેની જવાબદારી જે તે વિદ્યાર્થીઓની રહેશે.